બી.પી.એલ. સેન્સસ –૨૦૦૨, અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની યાદી પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
ઠરાવક્રમાંક:આઈડીબી–૨૦૦૬–એસએફએસ–૨૧૦૨–ખ–૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ. ૨૩–૬–૨૦૦૬

વંચાણે લીધા ::–

(૧) ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: કયુ–૧૬૦૨૫૪–૨૦૦૨–એઆઈ–(આરડી) તારીખ. ૧૩–૯–૦૨

(૨) ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: કયુ–૨૧૦૨૨––૪–૨૦૦૩–એઆઈ–(આરડી) તારીખ. ૧૦–૧૦–૦૫

(૩) ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: કયુ–૨૧૦૨૨––૪–૨૦૦૩–એઆઈ–(આરડી) તારીખ. ૨૪–૧૧–૦૫

(૪) ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: કયુ–૨૧૦૨૨––૪–૨૦૦૩–એઆઈ–(આરડી) તારીખ. ૨૩–૨–૦૬

આમુખ::–

ભારત સરકાર ધ્વારા નિયત થયેલ પંચવર્ષીય યોજના દરમ્યાન કેન્દ્ર સરકારની ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને લાભ મળી રહે તે માટે ભારત સરકારના ગ્રામિણ વિકાસ વિભાગની માર્ગદર્શક સુચનાઓ તેમજ નિયત માપદંડોને ધ્યાનમાં રાખીને ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની ઓળખ કરીને ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની યાદી તૈયાર કરવી આવશ્યક છે.

દશમી પંચવર્ષીય યોજના દરમ્યાન કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસના કાર્યક્રમો હેઠળ લાભ આપવા માટે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને ઓળખી કાઢવા અને તેની યાદી તૈયાર કરવા વંચાણ (૧)થી(૪) મુજબના પત્રો અન્વયે ભારત સરકાર ધ્વારા સુચનાઓ આપવામાં આવેલ હતી. તદ્અનુસાર રાજય સરકાર ધ્વારા ગ્રામ્ય વિસ્તાર હેઠળના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની યાદી તૈયાર કરવા માટે જિલ્લા ગ્રામવિકાસ એજન્સી/ તાલુકા પંચાયતના ક્ષેત્રિય કર્મચારીઓ ધ્વારા ઘરે ઘરે સર્વેક્ષણ કરીને સામાજીક–આર્થિક મોજણી હાથ ધરવામાં આવેલ હતી, અને મોજણી દરમ્યાન ગ્રામ્ય વિસ્તારોના કુટુંબોની

વિગતો, મોજણી ફોર્મમાં એકત્રિત કરવામાં આવેલ, એન.આઈ.સી. (નેશનલ ઈન્ફરમેટીક સેન્ટર) ને ગ્રામ્ય વિસ્તારોની એકત્ર થયેલ મોજણી ડેટાના પ્રોસેસીગ અને કોમ્પ્યુટરાઈઝેશન માટે નોડલ એજન્સી તરીકે કામગીરી સુપ્રત કરેલ હતી. એન.આઈ.સી. ધ્વારા મળેલ ડેટાને ધ્યાને રાખીને આ કામગીરી પૂર્ણ કરીને ભારત સરકારની વખતો વખતની સુચનાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં મોજણી કરેલ કુટુંબોના ગુણાંક મુજબ કુટુંબોની યાદી ચઢતાક્રમમાં ગોઠવી તૈયાર કરવામાં આવેલ છે. આ યાદીમાંથી કટ ઓફ સ્કોર નકકી કરીને ગરીબ કુટુંબોની યાદી આખરી કરીને પ્રસિધ્ધ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ::–**

ઉપરોકત વિગતોને ધ્યાને રાખીને રાજય સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ અને રાજય સરકારની અન્ય યોજનાઓ માટે પણ લાભ આપવાના હેતુસર **"અતિ ગરીબ "** અને **" ગરીબ "** કુટુંબોની યાદી પ્રસિધ્ધ કરવાની મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સમગ્ર રાજયના ગ્રામ્ય વિસ્તારમાં સામાજીક–આર્થિક મોજણી–૨૦૦૨ અન્વયે ૬૮.૬૫ લાખ કુટુંબોનો ગુણાંક આધારિત તૈયાર કરેલ ડેટાબેઝનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે.આ ડેટાબેઝ આધારિત યાદી **GSWAN** ઉપર **Intranet.guj.nic.in./ses 2002** જોવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૨) ઉપરોકત પૈકી ૧૬ કે તેથી ઓછા ગુણાંક (સ્કોર) ધરાવતા કુટુંબોને **" અતિ ગરીબ કુટુંબો "** તરીકે ગણવાના રહેશે. અને તેઓને ભારત સરકારની ગ્રામવિકાસની વિવિધ યોજના હેઠળ લાભ આપવાના હેતુસર આવરી લેવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે.

(૩) આ યાદીને પ્રસિધ્ધ કરવાની અને આખરી કરવાની પ્રક્રિયા ભારત સરકારની વખતો વખતની સુચનાઓને આધીન રહીને કરવાની રહેશે.

(૪) ભારત સરકારશ્રીના વંચાણ(૨) માં અપાયેલ સૂચનાઓ અન્વયે સદર બી.પી.એલ. યાદીને કુટુંબના સ્કોર અને તેઓના આંતરિક ક્રમાનુસાર ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતના મુખ્ય મથકે એક માસ માટે જાહેર રીતે પ્રદર્શિત કરવા, અને નિયત સમયગાળા દરમ્યાન અતિ ગરીબ કુટુંબો અને ગરીબ કુટુંબોની યાદી ગ્રામસભામાં મંજુરી અર્થે મુકવી. પ્રજાજનો ધ્વારા એક માસના સમયગાળામાં ઉપરોકત યાદી અંગે જો કોઈ વાંધા હોય તો તે સબંધીત તાલુકા વિકાસ અધિકારીશ્રી સમક્ષ નોધાવી શકશે. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ધ્વારા આવી વાંધાઅરજી રજુ થયાના ૧૦ દિવસમાં તપાસ પૂર્ણ કરી તેનું પરિણામ અરજદારને જણાવવાનું રહેશે. આમ છતાં કોઈ પ્રજાજનને વાંધો હોય તો તે સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ અરજી કરી શકશે.

(૫) આ યાદીમાંથી સૌથી ઓછા ગુણાંક (સ્કોર) ધરાવતાં કુટુંબથી શરુ કરીને અગ્રતાના ધોરણે યોજના હેઠળ લાભ આપવાના રહેશે.

(૬) **૧૭ થી ૨૦ ગુણાંક (સ્કોર)** ધરાવતા કુટુંબોને **" ગરીબ "** કુટુંબો ગણવાના રહેશે. જેથી રાજય સરકારના અન્ય વિભાગો જેવા કે, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, ઈત્યાદી હેઠળની જુદી જુદી યોજનાઓ હેઠળ પ્રવર્તમાન ધોરણો અને નિયમોનુસાર લાભો આપવાના રહેશે. બીજા શબ્દોમાં **" અતિ ગરીબ"** અને ગરીબ કુટુંબોને એટલે કે **૦ થી ૨૦** ગુણાંક ધરાવતા કુટુંબોને આવરી લઈ **" અતિ ગરીબ "** કુટુંબોને અગ્રતા અપાય તે રીતે સબંધિત વિભાગોએ કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ભારત સરકારની ગ્રામવિકાસ વિભાગની યોજનાઓ માટે ૧૬ સ્કોર (ગુણાંક) સુધીના કુટુંબો અને રાજય સરકારની યોજનાઓ માટે **૦ થી ૨૦** સ્કોર સુધીના કુટુંબોને લાભાર્થી તરીકે ગણવાના રહેશે. પરંતુ કેન્દ્ર અને રાજયની યોજનાઓ માટે લાભ આપવાની પ્રક્રિયા સૌથી ગરીબ કુટુંબોથી એટલે કે, સૌથી ઓછા ગુણ ધરાવતા કુટુંબોથી શરુ થાય તેવી વ્યવસ્થા તમામ વિભાગોએ કરવાની રહેશે.

(૮) સામાજીક–આર્થિક મોજણી–૨૦૦૨ અન્વયે આખરી યાદી પ્રસિધ્ધ થયેથી જુની યાદી એટલેકે નવમી પંચવર્ષીય યોજના (૧૯૯૭–૨૦૦૨) દરમ્યાન નિયત કરેલ બી.પી.એલ. યાદી આ ઠરાવની તારીખથી અમલમાં રહેશે નહી.

(૯) બી.પી.એલ. રેશનકાર્ડ માટે પુરવઠા વિભાગ ધ્વારા તેમના પ્રવર્તમાન નિયમોનુસાર અલગ કાર્યવાહી કરશે. પરંતુ " **અતિ ગરીબ કુટુંબ** " માંથી કોઈ વ્યકિત આવા લાભથી વંચિત રહી ન જાય તે અંગે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે કાળજી લેવાની રહેશે.

(૧૦) ભારત સરકારની વખતો વખતની સુચનાઓને ધ્યાને રાખીને જિલ્લા ગ્રામવિકાસ એજન્સીએ "**અતિ ગરીબ કુટુંબો** "ની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે. આ યાદી ગતિશીલ (Dynamic) યાદી રહેશે. દરેક નાણાકીય વર્ષની શરુઆતના બે માસમાં એટલે કે, એપ્રિલ અને મે માસમાં આ યાદીઓમાં ભારત સરકારની સુચનાઓ મુજબ " **અતિ ગરીબ અને ગરીબ** " કુટુંબોનો ઉમેરો કે, યાદીમાંથી કમી કરવા અંગેની વહીવટી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. આ અંગે વિસ્તૃત સુચનાઓ કમિશ્નર ગ્રામવિકાસની કચેરી ધ્વારા આપવામાં આવશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( વી. જી. વણઝારા)**
**ઉપસચિવ**
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

**પ્રતિ,**

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી/માન.રા.કં.મંત્રીશ્રી/માન. નાયબ મંત્રીશ્રી (તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી,/અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, (તમામ વિભાગો), સચિવાલય, ગાંધીનગર
વિકાસ કમિશનરશ્રી, બ્લોક નં.૧૧, જુના સચિવાલય, ગાંધીનગર.
કમિશનર–વ–સચિવશ્રી, ગ્રામ વિકાસ , ગાંધીનગર.
ચેરમેનશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (તમામ).
નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (તમામ).
સંયુકત નિયામકશ્રી, સ્પીપા (ગ્રામ વિકાસ), અમદાવાદ.
પસંદગી ફાઈલે.